PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૩૨૫૭-૩ તારીખ : ૦૬ - ૦૫ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
અંકિત રાજેશભાઈ ગજેરા
KDR ઇન્ડસ્ટ્રીયલ રોડ, પ્લોટ નં - ૨/૩, રૂત્વી મિનરલ વોટર પાસે,
મું. પો. : શાપર-વેરાવળ, તા. : કોટડાસાંગાણી , જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : ૯૦૯૯૩૫૨૫૯૬

વિષય : સુઓ-મોટોનું કવોટેશન રદ કરવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૩-૦૩-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૭/ક્વા-૪/૨૧-૨૨/ તા.

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG- ૨૭/ક્વા-૪/૨૧-૨૨**

અરજદાર : અંકિત રાજેશભાઈ ગજેરા ગામ: શાપર

પેટા વિભાગીય કચેરી : શાપર-વેરાવળ

રજૂઆત કરનાર :અરજદાર અંકિત રાજેશભાઈ ગજેરા અને તેમની સાથે રવિ મહેશભાઈ ધામેલીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –ગ્રામ્ય રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી જી.એચ.પટેલ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ :કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ :૨૦.૦૪.૨૦૨૨ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦-૦૪-૨૦૨૨ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં ગ્રાહક નં. ૮૧૯૦૧/૦૫૭૧૫/૧ થી ૩૭ KW નું ઔદ્યોગિક વીજજોડાણ ધરાવે છે. અરજદારના સદર વીજજોડાણમાં હાલ કોઈ વધુ વપરાશ નથી તેમજ છેલ્લા એક વર્ષથી હયાત ડીમાન્ડ (૩૭ KW) કરતા ઓછો વપરાશ કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

**USE LOAD from DEC.-2020 to MAR.-2022**

| DEC | JAN | FEB | MAR | APR | MAY | JUN | JUL | AUG | SEPT | OCT | DEC | JAN | FEB | MAR |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 35 | 33 | 20 | 35 | 36 | 0 | 20 | 18 | 16 | 19 | 20 | 17 | 19 | 18.8 | 19.6 |

પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારે તેઓના વીજજોડાણમાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ મુજબ વધુ વીજભારના વપરાશ અન્વયે ૩૭ KW માંથી ૪૮ KW વીજભાર કરવા માટેની નોટીસો અન્વયેનું રૂ.૧,૦૨,૩૮૪/- નું ભાવપત્રક અપાયેલ છે. અરજદારને હાલ કોઈ વીજભાર વધારાની જરૂરિયાત ન હોય, સદર વીજભાર વધારાનું ભાવપત્રક રદ કરી આપવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૨.૧ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારની મૌખિક રજૂઆત મુજબ મીટર રીડર દ્વારા અપાયેલ ફિઝીકલ બીલની નકલ મુજબ નોંધાયેલ વાસ્તવિક બિલીંગ વીજભાર અને પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરેલ પી.આર.ટી.-૧૪૫ મુજબ ડિમાન્ડ અને KWh ના રીડીંગ સુસંગત જણાતા નથી જે અન્વયે યોગ્ય ન્યાય આપવા અરજદારે રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે, અરજદારશ્રી અંકિત રાજેશભાઈ ગજેરા ગ્રાહક નં- ૮૧૯૦૧/૦૫૭૧૫/૧ થી એલ.ટી.એમ.ડી. ટેરીફનું ૩૭ કી.વો.નું વીજકનેકશન તા.૧૫.૧૦.૨૦૧૯ થી શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં ધરાવે છે. સદર વીજકનેકશનમાં તેઓ દ્વારા એક વર્ષમાં પ્રતિ માસ નિયત લોડ / ડિમાન્ડ કરતા વધુ ડિમાન્ડ સાથે વિજવપરાશ કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(કોષ્ટક-૧)

| નાણાકીય વર્ષ દરમ્યાન નોંધાયેલ મહતમ ડીમાંડ KW માં | | |
|---|---|---|
| માસ | વર્ષ-૨૦૧૯-૨૦ | વર્ષ-૨૦૨૦-૨૧ |
| એપ્રિલ | - | ૩૫ |
| મેં | - | ૩૫ |
| જૂન | - | ૪૧ |
| જુલાઈ | - | ૫૦ |
| ઓગસ્ટ | - | ૪૪ |
| સપ્ટેમ્બર | - | ૪૮ |
| ઓક્ટોમ્બર | - | ૪૭ |
| નવેમ્બર | ૪૮ | ૪૬ |
| ડીસેમ્બર | ૫૭ | ૩૫ |
| જાન્યુઆરી | ૫૨ | ૪૩ |
| ફેબ્રુઆરી | ૪૭ | ૨૦ |
| માર્ચ | ૫૦ | ૩૫ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૧ ઉપરોક્ત વિગતે સદર ગ્રાહક દ્વારા તેઓના વિજજોડાણમાં કરારિત વીજભાર કરતા વધુ વીજભાર વપરાશ કરેલ હોવાથી જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોઝ નંબર ૪.૯૫ મુજબ તથા પ્રવર્તમાન નિયમ મુજબ લોડને નિયમિત કરવા સદર ગ્રાહકને શાપર-વેરાવળ પેટા-વિભાગીય કચેરીએથી નીચેના પત્રોથી નોટીસ ઇસ્યુ કરેલ છે.

(૧) ડીઈ/એસવીએસડી/રેવ/૪૮૪૮/૨૯.૦૯.૨૦૨૦ (૨) ડીઈ/એસવીએસડી/રેવ/૪૮૪૯/૨૯.૦૯.૨૦૨૦
(3) ડીઈ/એસવીએસડી/રેવ/૫૩૭૨/૨૯.૧૦.૨૦૨૦ (૪) ડીઈ/એસવીએસડી/રેવ/૫૭૬૯/૨૬.૧૧.૨૦૨૦
(૫) ડીઈ/એસવીએસડી/રેવ/૧૦૮૭/૦૨.૦૩.૨૦૨૧ (૬) ડીઈ/એસવીએસડી/રેવ/૨૮૮૩/૨૬.૦૫.૨૦૨૧

આમ, ઉપરોક્ત નોટીસ આપ્યા બાદ પણ ગ્રાહકશ્રી દ્વારા તેઓના વિજજોડાણમાં કરારિત વીજભાર કરતા વધુ સરેરાશ વપરાશ મુજબના લોડને નિયમિત કરવા કોઈ કાર્યવાહી ન કરાતા જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ-૨૦૧૫, ક્લોઝ નં.૪.૯૫ મુજબ કરારિત વિજભારમાં સરેરાશ ૧૧ કી.વો.નો વધારો કરવો અનિવાર્ય અને ધારા-ધોરણ મુજબ હોવાથી, સક્ષમ અધિકારી પાસેથી જરૂરી મંજુરી મેળવી, કુલ રકમ રૂ.૧૦૨૩૮૪/૦૦ નું અંદાજપત્ર આપવામાં આવેલ, જે ગ્રાહક્શ્રી દ્વારા નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરાયેલ નથી.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ શ્રી અંકીત રાજેશભાઈ ગજેરાના નામે ગ્રાહક નં.૮૧૯૦૧/૦૦૫૭૧૫/૧ થી ૩૭KW નું LTMD વીજજોડાણ તા.૧૫.૧૦.૨૦૧૯ થી ધરાવે છે તેઓને સક્ષમ અધિકારી પાસેથી મંજુરી મેળવી તા.૧૮.૦૨.૨૦૨૨ ના રોજ રૂ.૧,૦૨,૩૮૪/-નું અંદાજપત્ર આપવામાં આવેલ છે. સદર અંદાજપત્ર અન્યાય કર્તા હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. વધુમાં મુદ્દા નં ૨.૧ મુજબની વિગતે ફીઝીકલ બીલમાં નોંધાયેલ ડિમાન્ડ અને KWh ના રીડીંગ વધારે અપાયેલ છે જે બાબતે યોગ્ય ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરેલ લેખિત રજૂઆત તા.૧૧.૦૪.૨૦૨૨ મુજબ અરજદાર ગ્રાહક નં. ૮૧૯૦૧/૦૦૫૭૧૫/૧થી ૩૭KW નું LTMD કનેક્શન ધરાવે છે. સદર વીજજોડાણમાં નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં પ્રતિમાસ મહતમ ડિમાન્ડ, કરારિત ડિમાન્ડ કરતા વધુ વખત વીજવપરાશ કરેલ હોય સદર ગ્રાહકને સમયાંતરે લેખિત નોટીસો તા.૨૯-૦૯-૨૦૨૦ ની ૦૨ (બે) નોટીસો (માહે જુલાઈ-૨૦૨૦ અને માહે ઓગષ્ટ-૨૦૨૦ માટે), તા.૨૯-૧૦-૨૦૨૦ (માહે સપ્ટેમ્બર-૨૦૨૦ માટે), તા.૨૬-૧૧-૨૦૨૦ (માહે ઓક્ટોબર-૨૦૨૦ માટે), તા.૦૨-૦૩-૨૦૨૧ (માહે નવેમ્બર-૨૦૨૦ માટે) અને તા.૨૬-૦૫-૨૦૨૧ (ત્રીસ દિવસની નોટીસ) થી અપાયેલ છે. જે અન્વયે ગ્રાહક દ્વારા તેઓના વીજજોડાણમાં કરારિત વીજભારમાં વધારો કરવાની કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા સુઓ-મોટો એસ્ટીમેટ તા.૧૮.૦૨.૨૦૨૨ થી આપેલ છે જેમાં નીચે મુજબના ચાર્જની નોંધ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(કોષ્ટક-૨)

| | | | |
|---|---|---|---|
| **Existing Load** | **37 KW** | **Agreement Fee** | **Rs.300/-** |
| **Applied Load** | **48 KW** | **Fix Charge** | **Rs.12100/-** |
| **Additional Load** | **11 KW** | **Security Deposit** | **Rs.89984/-** |
| | | **Total Estimate Cost** | **Rs.102384/-** |

પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ સદર ભાવપત્રક ગ્રાહક દ્વારા ભરપાઈ કરાયેલ નથી. સદર બાબતે ગ્રાહક દ્વારા અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે તે મુજબ તેઓનો છેલ્લા એક વર્ષનો સરેરાશ વપરાશ ૩૭ KW થી ખુબજ ઓછો નોંધાયેલ છે. આમ વધુ વીજભારની જરૂરીયાત ન હોવાથી અપાયેલ ભાવપત્રક રદ ગણીને જે કઈ મીનીમમ ચાર્જ ભરપાઈ કરવાનો થશે તે ભરપાઈ કરવા મૌખિક સમંતિ સદર સુનાવણી દરમ્યાન આપેલ છે.

૪.3 અરજદારનું સદર વીજજોડાણ તા.૧૫.૧૦.૨૦૧૯ થી રીલીઝ થયેલ છે ત્યારબાદ થયેલ વીજવપરાશ અને બિલીંગ ડિમાન્ડ પી.આર.ટી.-૧૪૫ મુજબ નાણકીય વર્ષ ૨૦૧૯-૨૦,૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં નીચે મુજબ નોંધાયેલ છે.

(કોષ્ટક-3)

| Consumer No.:81901/05715/1, Maximum Actual Demand / Billing Demand in KW | | | |
|---|---|---|---|
| Month | Year 2019-20 | Year 2020-21 | Year 2021-22 |
| Apr | ...... | 35 / 35 | 36 / 36 |
| May | ...... | | 0 / 31.5 |
| Jun | ...... | 41/ 41 | 20 / 31.5 |
| Jul | ...... | 50 / 50 | 18 / 31.5 |
| Aug | ...... | 44 / 44 | 16 / 31.5 |
| Sep | ...... | 48 / 48 | 19 / 31.5 |
| Oct | ...... | 47 / 47 | 20 / 31.5 |
| Nov | 48 / 48 | 46 / 46 | 19 / 31.5 |
| Dec | 57 / 57 | 35 / 35 | 17 / 31.5 |
| Jan | 52 / 52 | 43 / 43 | 19 / 31.5 |
| Feb | 47 / 47 | 20 / 31.5 | 18.8 / 31.5 |
| Mar | 50 / 50 | 35 / 35 | 19.6 / 31.5 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ ઉપરોક્ત બાબતે નામદાર GERCના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૯૫ નીચે મુજબ છે."In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand......."

ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ.માં પ્રવંતમાનમાં રહેલ ગાઈડલાઈન પત્ર નં.પી.જી.વી.સી.એલ./આર.એન્ડ.સી./૧૯૧૦ તા.૧૯.૦૩.૨૦૨૨ મુજબ "... Some of the LT Consumers whose contract demand exceed by 5% or more for four times, during previous financial year and such consumers have either controlled their demand or agreed to undertake that they will consume within their contracted demand...

..... In such cases, we may allow such consumers with their current contract demand or contract demand within 100 KW by recovering differential fixed / demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code ...... Afterwards, on single instance of excess drawl than contract demand, consumer has to regularize its contract demand."

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.3 અને ૪.૪ મુજબ અરજદાર દ્વારા કરારીત વીજભાર 3૭ KW કરતા મહતમ વીજવપરાશ (3૮.૮૫ KW એટલેકે 3૯.૦ KW કરતા વધારે) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન સદર ગ્રાહક દ્વારા નોટીફીકેશન નં.-૦૪/૧૫ ના મુદ્દા નં -૪.૯૫ નું ઉલ્લંઘન કરેલ છે. જે અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારને કરારિત વીજભાર નિયમીત કરવા માટે કોઈ કાર્યવાહી કરાયેલ હોય તેના આધાર-પુરાવા રજુ કરેલ નથી, જે પી.જી.વી.સી.એલ.ની ખુબજ ગંભીર બાબત ધ્યાને આવેલ છે.

વધુમાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં સદર ગ્રાહક દ્વારા નોટીફીકેશન નં.-૦૪/૧૫ ના મુદ્દા નં -૪.૯૫ નું ઉલ્લંઘન કરેલ છે જે અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા નિયમાધીન નોટીસ પત્ર નં – ૨૮૮૩ તા.૨૬-૦૫-૨૦૨૧ થી પાઠવવામાં આવેલ છે જે અરજદારને મળેલ નથી તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સદર નોટીસ પાઠવેલ છે તે અંગેના આધાર-પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે. સદર નોટીસ મુજબ લોડ વધારો દિવસ-૩૦ માં કરવામાં નિષ્ફળ થયે વીજભારના તફાવતની રકમ સદર ગ્રાહકના વીજબીલમાં ઉધારવામાં આવશે.

૪.૬ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારની રજૂઆત ઉપરોક્ત પેરા નં – ૨.૧ મુજબ પી.જી.વી.સી.એલ.ના મીટરરીડર દ્વારા આપવામાં આવેલ વીજબીલ અને પી.જી.વી.સી.એલ.ના પત્ર તા.૧૧.૦૪.૨૦૨૨ માં નોંધાયેલ મહતમ ડિમાન્ડ સુસંગત ન હોય, અરજદાર દ્વારા સદર સુનાવણી દરમ્યાન રજુ કરાયેલ વીજબીલમાં નોંધાયેલ બિલીંગ પેરામીટરની સરખામણી, સદર ગ્રાહકના પી.આર.ટી.-૧૪૫ સાથે કરતા જે બીલમાં તફાવત જોવા મળેલ છે તેની વિગત નીચે મુજબ છે. (કોષ્ટક-૪)

| Consumer No.:81901/05715/1, Maximum Actual Demand / Billing Demand in KW | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Month | Year 2019-20 | | | | Year 2020-21 | | | |
| | As per Bill Copy | | As per PRT | | As per Bill Copy | | As per PRT | |
| | Reading KWh | Demand In KW | Reading KWh | Demand In KW | Reading KWh | Demand In KW | Reading KWh | Demand In KW |
| Apr | | | | ...... | | | | 35 / 35 |
| May | | | | ...... | | | | |
| Jun | | | | ...... | | | | 41/ 41 |
| Jul | | | | ...... | | | | 50 / 50 |
| Aug | | | | ...... | 40106 | 35 | 39856 | 44 / 44 |
| Sep | | | | ...... | 45581 | 38 | 45281 | 48 / 48 |
| Oct | | | | ...... | | | | 47 / 47 |
| Nov | | | | 48 / 48 | 52580 | 35 | 52086 | 46 / 46 |
| Dec | | | | 57 / 57 | | | | 35 / 35 |
| Jan | 15133 | 35 | 14663 | 52 / 52 | 55891 | 33 | 55391 | 43 / 43 |
| Feb | | | | 47 / 47 | | | | 20 / 31.5 |
| Mar | | | | 50 / 50 | | | | 35 / 35 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત કોષ્ટક-૪ ની વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ દરમ્યાન સદર ગ્રાહકને મીટરરીડર દ્વારા અપાયેલ વીજબીલ મુજબ માહે ઓગષ્ટ-૨૦૨૦, માહે સપ્ટેમ્બર-૨૦૨૦, માહે નવેમ્બર- ૨૦૨૦ અને માહે જાન્યુઆરી-૨૦૨૧ દરમ્યાન સપ્લાય કોડ – ૨૦૧૫ ના ક્લોઝ નં – ૪.૯૫ મુજબ મહતમ ડિમાન્ડ વધુ વપરાયેલ નથી.

ઉપરોક્ત વિગતો મુજબ સપ્લાય કોડ – ૨૦૧૫ ના ક્લોઝ નં – ૪.૯૫ મુજબ, સદર ગ્રાહક દ્વારા તેઓના કરારિત વીજભાર કરતા માહે જુન-૨૦૨૦ માહે જુલાઈ-૨૦૨૦ અને માહે ઓક્ટોબર-૨૦૨૦ દરમ્યાન જ વધુ વીજભાર નોંધાયેલ છે.

સદર સંજોગોમાં પી.જી.વી.સી.એલ. દ્વારા નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ માટે કરારિત વીજભાર કરતા નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ મુજબ સદર ગ્રાહક દ્વારા વધુ વીજભાર વાપરેલ હોય, જે અન્વયે પત્ર નં-૨૮૮૩, તા.૨૬-૦૫-૨૦૨૧ નોટીસ આપેલ છે જે સુસંગત નથી તેમજ સુઓમોટો અંતર્ગત સદર ગ્રાહક નં ૮૧૯૦૧/૦૦૫૭૧૫/૧ ને પાઠવેલ ભાવપત્રક તા.૧૮-૦૨-૨૦૨૨ લાગુ પાડી શકાય નહિ.

૪.૭ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારની રજૂઆત મુજબ નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨ માં કરારિત વીજભાર કરતા વધુ વીજ વપરાશ આવેલ નથી જે પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુજબ કોષ્ટક-૩ અન્વયે ફલિત થાય છે કે સદર ગ્રાહક દ્વારા તેઓના કરારિત વીજભાર કરતા વધુ વીજ વપરાશ કરેલ નથી.

આમ, ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબની વિગતે પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સુઓમોટો અંતર્ગત સદર ગ્રાહક નં ૮૧૯૦૧/૦૦૫૭૧૫/૧ ને પાઠવેલ ભાવપત્રક તા.૧૮-૦૨-૨૦૨૨ રદ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે તેમજ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ અન્વયે ગ્રાહકને નિયમાધીન નોટીસ પાઠવવામાં આવેલ નથી જે ગંભીર બાબત હોય ભવિષ્યમાં સદર પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય તે અંગે તકેદારી રાખવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે તેમજ કરેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ- ૧૦ માં પાઠવવાની સુચના આપવામાં આવે છે.

૪.૯ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯